# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ગરીબો ઘંટી ચાટે અને ઉદ્યોગપતિને આટો,
ઘાંટો તો સંભળાય નહીં, પણ ધનિકોને ચાટો
ચાંટો મારી સર્વિસ-ટેક્ષનો પૂચકારે એ પ્રેમે -
કોર્પોરેટ ને પંપાળે, મધ્યમવર્ગને મારે પાટો!

## હાઇકુ

લ્યો! છાંટી દીધું
સારા દિવસ પર -
પેટ્રોલ-તેલ

ભર ઉનાળે
શીતળ ભોંછારમાં -
ભીંજવી દીધા

## ચિંતન

**ગણિકા ગણકૌ સમાન ધર્મો, નિજ પંચાગ નિદર્શકાવુ ભૌ ।**
**જનમાનસંમોહકારિણૌ તૌ વિધિના વિત્તહરો વિનિર્મિતૌ ॥**

'ગણિકા અને ગણક એટલે ગણિતજ્ઞ - જયોતિષી બંનેના ધર્મ-રીત સરખી છે કારણ કે બંને પોતપોતાનાં 'પચાંગ' બતાવે છે અને લોકોને મોહ પમાડી પૈસા પડાવે છે. વિધાતા એ એમને લોકોનું ધન-હરણ કરવા જ સર્જ્યા છે. બંને લોકોના મન હરી-ધન પડાવે છે.'

જયોતિષી પોતાનું પંચાગ ટીપણું - જેમાં (૧) તિથિ (૨) વાર (૩) નક્ષત્ર (૪) યોગ (૫) કરણ આ બધાનું સંકલન બતાવી ભવિષ્ય જાણવા ઉત્સૂકનું મન હરી ભૂત-ભાવિના નિદાન કરી તેનું મન હરી લલચાવી અને 'ગ્રહશાંતિ' નામે પૈસા પડાવે છે.

ગણિકાનું પંચાગ એટલે પાંચ અંગ - બે સ્તન બે નિતંબ અને ગુપ્તાંગ ઇંદ્રી - બતાવી ગ્રાહકનું મન લલચાવી ધન પડાવે છે અને ઘરમાં ન મળતી શાંતિનું અહીં 'ગૃહશાંતિ' કરાવી પૈસા પડાવે છે. આજકાલ ફિલ્મના નિર્દેષકો અને નટીઓ જાહેરમાં ફિલ્મો આ પંચાગ દ્વારા ફિલ્મો બનાવી ધન હરે છે.

આમ જયોતિષી-ગણિકાના બંનેને ધર્મો સરખા છે બંને 'પંચાગ' દ્વારા પૈસા કમાય છે.

## સુવિચાર

- ધર્મને અધર્મથી કોઇ ખતરો નથી, દંભથી ખતરો છે, દંભ છોડવામાં આવે તો પ્રભુ આપોઆપ મળી જાય છે - **રજનીશ**
- જે આશાવાદી, દૃઢ નિશ્ચયી હોય સાથે જ નિરાશા-પ્રમાદ છોડીને ધ્યેય માટે સતત પ્રયત્ન કરતો હોય તે જ સાચો યુવાન - **પાંડુરંગ આઠવલે**
- આપણે ઠંડી, ગરમી સહન કરી લઇએ છીએ પરંતુ સાચા માણસને સહન કરી શકતાં નથી, એ સહનશક્તિ ભક્તિ વડે મેળવી શકાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઇ મૂર્ખ વ્યક્તિ માટે પુસ્તકો એટલા જ ઉપયોગી છે જેટલા પ્રજ્ઞાચક્ષુ માટે અરીસો - **ચાણક્ય**
- કલાકારને તેની મહેનત બદલ નહીં પરંતુ તેના વિશિષ્ટ દૃષ્ટિકોણ બદલ તેને સરાહના મળે છે - **પાબ્લો પિકાસો**
- ખુશીનાં આંસુમાં તો મીઠાશ ભરેલી હોય છે - **ઝેન કથન**
- બીજાનામાં ઇશ્વર ન જોનારને મૂર્તિમાં ઇશ્વર નહીં જ દેખાય - **ડોંગરેજી**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

એક રાજાએ ખૂબ તપશ્ચર્યા કરી, નવરાત્રીના માત્ર જયુસ પી અપવાસ કરે. વર્ષમાં આવતી ત્રણે નવરાત્રીના અપવાસ - વળી ધ્યાન - યોગ તો ખરાં જ એકવાર માતાજી પ્રસન્ન થયાં - કહ્યું 'માગ-માગ'.

રાજા કહે - મારા દેશમાં હવે બધાને માટે સારા દિવસ આવે - સૌ સુખી થાય. સર્વનો વિકાસ થાય એવું વરદાન આપો!

માતાજી હસ્યાં - રાજાજી હું ખોટાં વચન કે વરદાન આપતી નથી બધાં લોકોને પોતાનાં પૂર્વ જન્મોના અને આ જમાનાના કાળાં કામોની સજા તો ભોગવવી જ પડે અને દુઃખી તો થશે. તારા પ્રધાનો - ઇજનેરો - ડોકટરો જે કાળાં કામ કરી જીવહત્યા કરે છે, વાસના-વ્યસની લોકો જે દુષ્કર્મો કરે છે. એ બધાં તો દુઃખી થવાના અને રહેવાના જ - તારે પણ સત્તા ટકાવવા મિત્રો સાથે સોદાબાજી - દગાબાજી - સોપારીબાજી કરવી જ પડશે. આ બધું હું જાણું જ છું. એટલે બધાં સુખી થાય અને તું કાયમ માટે સત્તાધીશ રહે એ શક્ય નથી. માટે બીજું કંઇ માગ!

રાજા વિચારમાં પડી ગયો. પોતે સત્તા પ્રાપ્તિ માટે જે કંઇ કર્યું હતું. તેનો 'વિડિયો' આંખ સામે તરવા લાગ્યો. કહ્યું, 'તો, માતાજી હવે મને એટલું વરદાન આપો કે હવે કોઇના દબાણમાં આવી ફરી કોમી હુલ્લડ જેવાં કોઇ પાપનો ભાગીદાર ન બનું અને કોઇને 'અન્યાય' ન કરું..'

માતાજી એ હસતાં-હસતાં 'તથાસ્તુ' કહ્યું, અને અદૃશ્ય થઇ ગયાં.

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રવેશી વાહન મુકીને ચાલતાં ચાલતાં આવતાં મુલાકાતીને ગરમી અને સુરજનાં તીવ્ર પ્રભાવની અસરને કારણે પરસેવો છૂટી રહ્યો હોય અને તે હરિત ખીણ એટલે કે ગ્રીન વેલીમાં પ્રવેશે ત્યાં જે ઠંડકનો અહેસાસ થાય તે પણ કુદરતી ત્યારે આશ્ચર્ય ન પામે તો જ નવાઇ કહેવાય

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

હરિત ખીણો મેં ઊટી અને કોડાઇ કેનાલમાં જોયેલી, વિષુવૃત્તીય પ્રદેશોનાં વર્ષાવનોમાં તેની ગીચતા, જૈવિક વૈવિધ્ય ને જોતાં આપણું વાતાવરણ, ઓછો વરસાદ અને જમીનની નબળી ફળદ્રુપતામાં હરિત ખીણ (ગ્રીન વેલી)નો ઉદ્‌ભવ અને વિકાસ જમીની હકીકતો કરતાં તદ્દન વિપરીત કોઇ કવિની કલ્પના સમાન લાગે. પરંતુ મેં એવું વાંચેલું કે દરેક વૈજ્ઞાનિક સંશોધન કે શોધખોળની પાછળ વૈજ્ઞાનિક જ્ઞાન કરતાં કોઇ કાલ્પનિક વિચાર આગળ ધરવામાં આવે છે. તેની કલ્પનાને સાકાર કરવા વિજ્ઞાનીઓ મથે છે. તેથી દરેક શોધ એક સર્જનાત્મક વિચારનું ફરજંદ છે એમ કહેવાય છે.

હરિત ખીણની એ કલ્પનાને સાકાર કરવા અમે દૃષ્ટિ દોડાવેલી પહેલાં તો આપણાં ડાંગના જંગલો તરફ પછી આગળ વધીને છેક પુના સુધી પહોંચી ગયા. કુદરતી ઘટાદાર વૃક્ષોની છાયામાં ઉગાડી શકાય તેવી વનસ્પતિઓ, બીયો, સાગ, સાદડ, ભીમાલો, વડવચ્છ કે વારસ, ખડસીંગ, વાંસની જુદી જુદી જાતો અને ઓર્કિડ જેને ગુજરાતીમાં આપણે અર્ચિદા પુષ્પ કહીએ છીએ તે મેળવાના તેને ઉછેરવાના જે પ્રયાસો કર્યા તેની વાત જેટલી રોમાંચક છે એટલી જ હરિત ખીણને જોતાં જ મુલાકાતીઓના ચહેરા પરની ખુશીની રેખાઓ પણ રોમાંચિત કરી મુકે છે.

પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રવેશી વાહન મુકીને ચાલતાં ચાલતાં આવતાં મુલાકાતીને ગરમી અને સુરજનાં તીવ્ર પ્રભાવની અસરને કારણે પરસેવો છૂટી રહ્યો હોય અને તે હરિત ખીણ એટલે કે ગ્રીન વેલીમાં પ્રવેશે ત્યાં જે ઠંડકનો અહેસાસ થાય તે પણ કુદરતી ત્યારે આશ્ચર્ય ન પામે તો જ નવાઇ કહેવાય.

બંને તરફ વાંસના ઝુંડ નમીને એકબીજાને આલિંગન દેતાં હોય, હંસરાજના કરકરરીયાળાં ચમકતાં પાન ખીલખીલ હસતાં હોય તેને જોઇને દૂર ટેકરી પર વડીલની અદાથી, સાગ, સાદડ કે ભીલામાંની સાથે સાથે કણજી પણ વટ્ટથી ઊભો હોય અને લીમડો તેની પાનખર ભૂલી હરિત પર્ણોને ઝલમલ ઝલમલ ઝુલાવતો હોય ત્યારે વેલીની બંને તરફ નજીક નજીકના અંતરે જમીનને સમાંતર લગાવેલા કૃત્રિમ ફુવારા ભલે દેખાતા ન હોય પણ તેમાંથી ઉડતી જલશિકરોથી આંખુય વાતાવરણ ભેજવાળું થઇ ગયેલું હોય તેની ઠંડક આંખો અને હૈયાને ઠારે ત્યારે વાહ! એમ કોઇ ન કહે તો જ નવાઇ લાગે.

હરિત ખીણમાં ભેજવાળા વાતાવરણને કારણે બંને બાજુની ટેકરીઓ પર શેવાળ જામી ગઇ હોય પણ વચ્ચે ચાલતાં ચાલતાં તમે આગળ વધતા હો અને કોઇ બીજું આશ્ચર્ય જોવા મળે તો?

હરિત ખીણમાં તમારી નજર સામે એકાએક ચેનલીંગ ફેન્સીંગ આવી જાય. અંદર નજર કરો તો મોટું ઝાડ તેની લાંબી જાડી ડાળ પર લટકતો હોય અજગર, તમારા પગ ત્યાં જ થંભી જાય અને નજર તેના પર મંડાઇ જાય પીળાશ પડતો ભૂખરો બદામી રંગ તેના ઉપર અનિયમિત આકારના ઘેરા બદામી અને લીલા રંગના ધબ્બા દેખાય. તેની ફરતે ઝાંખા અને ઘેરા બદામી કે કાળા રંગની કિનારી હોય. મોં ઉપર ભાલાના ફણા જેવું ચિન્હ હોય અને લટકતો હોય તેમાં તેના પેટાળનો ભાગ દેખાયો હોય એ વળી ભૂખરો કે સફેદ હોય; પુંછડીના ભાગે પેટાળમાં ઝાંખા અનિયમિત બદામી ટપકાં હોય, હાં જો તેને કાંચળી ઉતારેલી હોય તો ખુબ જ સુંદર દેખાતો હોય, ભયનું એક લખલખું તમારા શરીરમાંથી પસાર થઇ જાય. પણ એ ચેનલીંગની અંદર છે એ વાતની ખાત્રી થતાં તમને જરા હાશકારો થાય.

લાંબા મોટા થડ પર વીંટળાઇને પડેલો અજગર તમને આકર્ષે એટલે તમે ચેનલીંકની નજીક જાવ અને તેને બરાબર સારી રીતે જોવાનો પ્રયત્ન કરો. જોતાં તમને તેનાં મોં પર ગુલાબી રંગની ઝાંય દેખાય. માથું અણિયાળું ને શરીર જાડું ભરાવદાર તેના પર લીસ્સાં ભીંગડાં હોય અને માથા પર મોટાં અનિયમિત આકારનાં ભાંગડા હોય પુંછડી એકદમ ટૂંકી, આમ તો એ ખુબ આળસુ પણ સામેની સાઇડેથી કોઇ છોકરીએ છંછેડ્યો હોય એમ લાગે છે. તે 'હિસ્સ... હિસ્સ...' અવાજ કરે છે. એટલે બીકના માર્યા તમે બે ડગલાં પાછળ ખસી જાવ છો. તમને ખબર છે દુનિયામાં લાંબામાં લાંબુ આયુષ્ય અજગરનું નોંધાયુ છે. તે તમને કંઇ નુકશાન પહોંચાડે તેમ નથી. તેને ખડકાળ પ્રદેશો, નદી નાળાં કે તળાવનો કિનારો બહુ ગમે છે. અહીં તેને પાણી માટે નાનો કુંડ બનાવેલો છે અને તેની સામે જ એક મોટી બખોળ પણ છે. જુઓ તો ખરા કેવી ભારેખમ કાયા છે છતાં એ ઝાડ પર કેટલે ઊંચે ચડીને ડાળ પર વીંટળાઇ ને લટકી રહ્યો છે. જંગલમાં પણ શિકારની રાહ જોતો આમ જ જોવા મળતો હોય છે. તમને એમ થશે કે એ ખોરાક શું લેતો હશે ખરું ને? અહિં બંધનાવસ્થામાં તેને ખોરાક અપાય છે પણ જંગલમાં મોટે ભાગે તે પક્ષીઓ, નાનાં પ્રાણીઓ અને કયારેક વાંદરા કે હરણને પણ મજબુતાઇથી ભરડામાં લઇ ગુંગળાવી મારતો હોય છે.

તમે અજગરને જોઇ રહ્યા છો પણ અહીં કંઇક અજબ પ્રકારની સુગંધનો તમને અનુભવ થાય તો તમે તરત જ આજુબાજુ જોવા લાગો ખરું ને! હાં સુગંધ તો આવે છે. જરા ઉપર નજર કરો ને જૂઓ ધરતીનું મનોહર, વિવિધ રંગ અને જાતજાતની પેર્ટન ધરાવતું દુનિયાનાં સુંદરતમ ફૂલોમાંનું એક ફૂલ. જે જોતાં જ મનને પ્રસન્ન કરી દે, આપણા હોઠ પર તેને જોતાં જ હાસ્ય ઉભરાઇ આવે અને તેની બિલકુલ અનોખી સુગંધથી મન આનંદથી તરબોળ થઇ જાય એ ફૂલ એટલે ઓર્કિડ. કેવી તેના રંગોની છટા અને મનમોહક સુગંદ રિસાયેલી પ્રેયસી પણ માની જાય. આ સુગંધ તેના પરાગકણોમાં હોય છે. વર્ષાવનોમાં તે ( ) રૂપે ઊગે છે. વૃક્ષોની ડાળીઓ પર તેનાં મૂળીયાં નીચે હવામાં લટકતાં રાખે છે. અને તેની મારફતે ભેજવાળી હવામાંથી ખોરાક મેળવે છે. અહીં તો તમને થોડા દેખાય છે પણ વિષુવવૃત્તના પ્રદેશોમાં પર્વતની ઊંચાઇ પર વાદળો છવાઇ રહેતાં હોય તેવા જંગલોમાં અદ્‌ભૂત રૂપરંગ, આકાર, કદ અને સુંદરતાની વિવિધતા ધરાવતાં અતિશય નાજૂક ફૂલો જોવા મળે જે કયારેક બતક, બાષ્પ, મધમાખી, ફૂદાં અને મેન્ટિસ જેવાં પણ દેખાય. ઇ.સ. ૧૪૯૮માં વાસ્કો-દી-ગામા ભારત આવ્યો ત્યારે પ્રથમવાર યુરોપને ઓર્કિડ જોવા મળ્યાં. એટલે જ ઓર્કિડને નવી દુનિયાના ફૂલો પર કહેવામાં આવે છે.

દક્ષિણના ભેજવાળાં જંગલનાં વૃક્ષો, વનસ્પતિ, અને છોડવાઓને અહીં લાવવા માટે અને તેને સફળ રીતે ઉછેરવા માટેનાં જે પ્રયાસો થયા તેમાં જો સૌથી મોટો ફાળો હોય તો અમારાં કાંતીભાઇ માળીનો અને ગોવિંદભાઇ ડ્રાઇવરનો પણ ખરો, દુર્ગમ જંગલ વિસ્તારમાં કાચા કે ખાડા ટેકરા વાળા રસ્તાઓમાં પણ સાહસ કરીને અમારી ડી.સી.એમ. ટ્રકને હંકારે, આગળ જવાય તેમ ન હોય તો પોતે ભૂખ્યાં તરસ્યા કલાકો સુધી રાહ જુએ. બધું એકત્રિત કરીને ભરી પાછાં ફરતાં અંધારું થઇ જાય ત્યારે જંગલમાં રાની પશુઓના અવાજો અને ચીબરી કે ઘુવડ ઝાડની કોઇ ઊંચી ડાળેથી ઉડે તો પણ ભયથી થથરી જવાય તેવી હાલતમાં તે સહિસલામત બધાંને વઘઇનાં બોટનીકલ ગાર્ડન ખાતે રેસ્ટ હટ સુધી પહોંચાડે.

હરિત ખીણમાં ઉછેરવામાં રોપ વેલા અને છોડવાઓને કાંતિભાઇ ઓળખે સ્થાનિક લોકો સાથે સંપર્ક તેથી તેનાં ગુજરાતી નામ જાણે વળી મારી પાસે બોટનીકલ નામનું લીસ્ટ પણ હોય. જે મળ્યાં તે મળ્યાં બાકીના માટે આગળ જવાનું નક્કી કર્યું. એક દિવસ સાપુતારા અને તેની આસપાસનો વિસ્તાર ખૂંદી વળ્યા. જાણવા એમ મળ્યું એક અમુક છોડ નાસીકની કે પુનાની નર્સરીઓમાં મળી રહેશે. અમે ત્યાં પહોંચ્યા તો ખરાં પણ ભાષાની મુશ્કેલીમાં ભેરવાઇ ગયા. નર્સરીના માણસો મરાઠી નામો આપે. વૈજ્ઞાનિક બોટનીકલ નામો તે જાણે નહીં. હવે કરવું શું? પૂનાની સાયન્સ કોલેજના બોટનીના એક પ્રોફેસર ખાન અમારી વ્હારે આવ્યા. પહેલાં તો સાથે આવીને છોડ ઓળખી બતાવવાના રોજનાં રૂા. ૫૦૦/- આપવા પડશે એમ કહ્યું. આટલે દૂર આવ્યા પછી ખાલી હાથે પાછા જવા કરતાં તેમને એ આપવાની અમે સંમતિ આપી. તે અમારી સાથે જુદી જુદી સરકાર અને ખાનગી નર્સરીઓમાં આવ્યા. અમારી છોડની પસંદગી અને મિશનને જાણ્યા પછી મિત્ર ભાવે સાથે રહ્યા અને વિખૂટા પડતાં કોઇ સ્વજનની જેમ તેમની આંખો છલકાઇ ઊઠી પછી અમે આપીએ તો પણ એ પૈસા લે કઇ રીતે. ફરી મળવાનો વાયદો કરી અમે પાછાં ફરેલાં.

ઓર્કિડનાં ફૂલો અને વૈવિધ્યસભર છોડવાઓ, વેલાઓને ખીલખીલતા જોઇ મને પ્રો. ખાનનો ચહેરો યાદ આવે છે. લાગણીનાં પુષ્પો ખીલે અને હૃદયમાં સંવેદના જાગે ત્યારે સંબંધો કેવા ભીનાં અને ભેજવાળાં થઇ જાય છે તેની અનુભૂતિ આજે હરિત ખીણના ધુમ્મસીયા ભેજવાળાં આ વાતાવરણમાં અવનવી અનુભૂતિ જગાવે છે.


# સાહસ કર્યા વિના જિંદગીના કોઇ પણ ક્ષેત્રમાં સફળતા મળી શકતી નથી

## વિચારયાત્રા

- ડૉ. જય ઓઝા

માણસની ઈચ્છાને સાહસ જ નક્કર, ભૌતિક, મૂર્તસ્વરૂપ આપી શકે છે. મનુષ્યની ઈચ્છાશક્તિ પહાડોને હટાવી શકે છે. સમુદ્રો પાર કરી શકે છે. આકાશને આંબી શકે છે, પરંતુ તેમ કરવા માટે તેણે સક્રિય થવું પડે છે, સાહસ કરવું પડે છે. માણસ માટે આવી સક્રિયતા બે પ્રકારની હોઈ શકે છે. એક તો બીજા જે રસ્તે જતા હોય એ રસ્તે ઘેટાની જેમ આમતેમ નજર કર્યા વિના, ઊંધું ઘાલીને ચાલ્યા કરવું અને બીજી રીત છે કશું નવું વિચારવું, નવું કરવું, નવા રસ્તે જવાની કોશિશ કરવી. આ બીજી રીત એટલે સાહસ.

આમ તો સાહસ મનુષ્યના સ્વભાવમાં જ રહેલું છે. બાળક જાગતું હોય ત્યારે એની હિલચાલનો અભ્યાસ કરી જોજો. એ કાંઈક ને કાંઈક નવું કરતું જ રહે છે. સાવ નાનું બાળક હાથ-પગ હલાવશે. ઘૂઘવાટ કરશે, અવનવા અવાજો કરશે, દિનપ્રતિદિન કશુંક નવું કરવાની, નવું બોલવાની, નવી નવી હરકતો કરવાની કોશિશ કરશે. સહેજ મોટું થતાં જ તે ટટ્ટાર રહેવાનું અને ચાલવાનું સાહસ કરશે. રમકડાંથી રમતું બાળક તેમાં ભાંગફોડ કરીને તેમાંથી કંઈક નવું જ બનાવવાનો પ્રયત્ન કરશે. બાળક ગમે તે ઉંમરનું હોય, જો તે બીમાર ન હોય કે ઘતું ન હોય તો દરેક ક્ષણે કોઈક નવા સાહસમાં તે ગૂંથાયેલું રહે છે.



ઉંમર વધવા સાથે માણસની સાહસવૃત્તિ મંદ પડતી જાય છે. વૃદ્ધાવસ્થામાં તો તે માત્ર અફસોસ, ઈર્ષા કે ઠપકારૂપે જ પ્રગટ થાય છે. સાહસને જીવનના ભરા સાથે સંબંધ છે. જીવન જયારે ભરાતું હોય ત્યારે સાહસરૂપે જ પ્રગટ થાય છે.

આજે જયારે જીવનમાં ચારે તરફ 'સલામતી'ની શોધ ચાલી રહી છે ત્યારે પણ ઘણી સાહસિક વ્યક્તિઓ સાહસ કર્યા વિના રહી શકતી નથી.

સાહસ વિના જીવનનું અસ્તિત્વ જ કદાચ શક્ય નથી. કોઈ એકલો માણસ દરિયો ઓળંગે, થોર હાયરડાલ જેવા લાકડાના તરાપામાં કે પેપીરસની હોડીમાં મહાસાગરની સફર કરે, કોઈ સાઈકલ ઉપર તો કોઈ વળી પગપાળા દુનિયાની સફરે નીકળે. દસ-બાર વર્ષનો છોકરો ઈંગ્લિશ ચેનલ તરવાનું સાહસ કરે કે હાથ-પગમાં બેડીઓ બાંધીને કોઈ માણસ તરવાની કોશિશ કરે ત્યારે સલામતીના કવચ નીચે જીવતા ડાહ્યા માણસોને તો એમ જ થાય કે દુનિયામાં કેવાં કેવાં ભેજાં વસે છે! પરંતુ એવાં ભેજાંઓને કારણે જ પૃથ્વી ઉપર કદાચ માનવજીવન ધબકતું રહ્યું છે. જેમનામાં જીવન ભરાતું હોય છે તેમનામાં કશુંક નવું કરવાની, નવા રસ્તે જવાની તાલાવેલી સ્વાભાવિક જ હોય છે. ધંધામાં, ઉદ્યોગમાં, નોકરીમાં, જીવનની રીતભાતમાં, અગાઉ કોઈએ વિચાર્યું ન હોય, કર્યું ન હોય એવું કરવા તેઓ તલસતા હોય છે.

આમ છતાં- સાહસવૃત્તિ આવી પ્રબળ હોવા છતાં ને જીવન સાથે તે અતૂટ રીતે સંકળાયેલી હોવા છતાં મોટાભાગના માણસો સાહસ કેમ કરતા નથી?સાહસ કરતાં માણસ અચકાય છે એનાં બે કારણો છે:

એક, જે સમાજમાં જે રીતે માણસ રહેતો હોય છે એનાથી લટી રીતે વર્તતાં એ ક્ષોભ અને ડર અનુભવે છે. ઈંગ્લેન્ડ જેવા દેશોમાં ધોતી કે લુંગી પહેરીને મુખ્ય બજારમાં નીકળવાની ચેષ્ટા ભાગ્યે કોઈ કરી શકે છે. ગાંધી જેવા માણસ એવું વર્તન કરી શકે પણ મોટાભાગના માણસો એવી હિંમત કરી શકતા નથી. સામાન્ય માણસો તો બીજા સામે જોઈને જ જીવે છે. જેવી ફેશન ચાલતી હોય એવાં કપડાં પહેરે છે અને જેવી રીતે

બીજા લોકો વર્તતા હોય એવી રીતે વર્તે છે. ધોતી કે લુંગીની વાત તો દૂર રહી, જૂની ઢબનું પેન્ટ કે કોટ પહેરવાની હિંમત પણ કરી શકતા નથી.

એવા માણસો નવું સાહસ કરવાની હિંમત તો કરી જ કઈ રીતે શકે?

ઘણા સાધુઓ ધોતી કે ભગવા પહેરીને પશ્ચિમના દેશોમાં જાય છે, પરંતુ એમના માટે એ એક ફેશન હોય છે - કોઈ નવું સાહસ નહી.

બીજું, જેમ બીજા માણસોથી જુદી રીતે વર્તતાં માણસ અચકાય છે, એ જ રીતે એકાદ વાર કશુંક નવું કરીને તેમાં નિષ્ફળ જનાર વ્યક્તિ પણ ફરી નવું કરવાની હિંમત કરી શકતી નથી. બીજા લોકો પોતાના ઉપર હસશે, પોતે મૂર્ખ ઠરશે, એવી બીક તેમને નવું સાહસ કરતાં રોકે છે.

જેને સફળતા મેળવવી હોય તેણે ઉપરની બંને બાબતો ઉપર વિજય મેળવવો જ પડે છે. સફળ વ્યક્તિઓ પોતાનો માર્ગ પોતે નક્કી કરે છે. બીજાની લાગણીઓને તેઓ જરૂર લક્ષમાં રાખે છે, બીજાની લાગણીઓની કદર પણ કરે છે, પરંતુ બીજા તરફથી થતી અવહેલના, ટીકા, મશ્કરી કે મહેણાંટોણાંની તેઓ પરવા કરતા નથી. નિષ્ફળતાનો તેમનો અનુભવ તેમના માટે આડખીલી નહી, પરંતુ પગથિયું બની જાય છે અને મનુષ્ય અને પ્રાણી વચ્ચે આ જ તફાવત છે.

ગરમ તવા ઉપર બેસવાથી દાઝી ગયેલી બિલાડી ફરી ક્યારેય તવા ઉપર બેસતી નથી, પરંતુ ગરમ તવાથી દાઝી ગયેલ માણસ ફરી કેમ ન દાઝી જવાય એના રસ્તાઓ શોધી કાઢે છે. મનુષ્યનું મનુષ્યપણું આ વાતમાં જ રહેલું છે. ખોટું પગલું ભરીને આઘાત પામનાર પ્રાણી ફરી એ રસ્તે જતું નથી, પરંતુ સાહસિક મનુષ્ય પોતે ક્યાં ભૂલ કરી હતી એ શોધી કાઢીને સફળતા પ્રાપ્ત કરે ત્યારે જ જંપે છે.

આપણા પૂર્વજોએ એવી કેટલી ભૂલો કરી હશે, કેટલા નિષ્ફળ અખતરાઓ કર્યા હશે અને એનાથી નિરાશ થયા વિના કેવા અવિરત પ્રયત્નો દ્વારા સફળતા પ્રાપ્ત કરી હશે ત્યારે આપણી આજની દુનિયા રચાઈ શકી હશે!

# રૂપિયાના અવમૂલ્યન પરના અભ્યાસના પ્રયોગમૂલ્ક તારણો : ગાંધીનગરનાં નિવાસીઓનાં સંદર્ભમાં

## ચર્ચા સભા

- ડૉ. જિગ્ના ત્રિવેદી અને ડૉ. બિન્દિયા સોની

લેખનાં પ્રથમ ભાગમાં, વિવિધ ઉપસર્ગ આર્થિક (મેક્રોઇકોનોમિક) પરિબળોની આવાસચલણ (હોમ કરન્સી) પરની અસરની ચર્ચા કરવામાં આવી હતી. અહીં, વિદેશી કંપનીઓને બનાવેલી વસ્તુઓ અથવા આયાત કરેલી વસ્તુઓનાં ઉપયોગથી રૂપિયાના મૂલ્યાંકન પર અસર થાય છે કે કેમ તે જાણવાનો સંશોધકોએ પ્રયત્ન કર્યો હતો. ગાંધીનગર વિસ્તારના ૧૨૦ નિવાસીઓનાં આ અભ્યાસમાં ઘણી વિચારશીલ વિગતો જાણવા મળી હતી. આ અભ્યાસના તારણો મુજબ અભ્યાસમાં ભાગ લેનાર નિવાસીઓ અનેક વિદેશી કંપનીઓની બનાવટો જેવી કે ટોયલેટરી, પર્સનલ કેર, પીણાઓ (કોફી અને ઠંડા પીણાઓ), વિજાણુ વિષચક્ર (ઇલેક્ટ્રોનિક) વસ્તુઓ, ઓટો મોબાઇલ અને બ્રાન્ડેડ કંપનીના કપડાં અને ચપ્પલ; વિદેશી કંપનીઓએ બનાવેલી વસ્તુઓ કરતાં વધારે વાપરતાં હોવાનું જાણવામાં આવ્યું. અભ્યાસમાં ભાગ લેનાર નિવાસીઓ વિદેશી કંપનીઓની વસ્તુઓની આકર્ષક રૂપરેખા, ગુણવત્તા, લ્હાણી અને કામગીરી; ભારતીય કંપનીઓને બનાવેલી વસ્તુઓ કરતાં વધારે પસંદ કરતાં હોવાનું જણાયું, જયારે ખોરાકી વસ્તુઓમાં, તેમને ભારતીય કંપનીઓનો ચટકિશર સ્વાદ વધારે પસંદ કરો, એક કુટુંબનો સરેરાશ ખર્ચ રૂ. ૧૦,૦૦૦ નોંધાયો હતો અને ૯૭ % લોકો માનતા હતા કે આ ખર્ચ ફુગાવાના કારણે ઘણો વધ્યો હતો. તદ્દપરાંત, ૯૦ % પ્રતિવાદીઓ આવકમાંથી બચત કરવાની તરફેણ કરતાં જણાયા. આ બચત માટે તેઓ બેંકમાં ફિક્સ્ડ ડિપોઝીટ (એફડી) (૩૫ %), સોનું (૨૯ %) અને શેરબજાર (૧૫ %) પસંદ કરતા હોવાનું છવાયું નવીન મૂડીરોકાણના વિકલ્પો જેવા કે ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેટ ફંડ (ગોલ્ડ ઇડીએફ), ઓછી પસંદગી (૧૦ %) પામતાં નોંધાયો.

અભ્યાસમાં જોડાયેલ પ્રતિવાદીઓ રૂપિયાના અવમૂલ્યનના કારણો જેવા કે વિદેશી બનાવાયેલી ખરીદી, સોનું અને ક્રુડ ઓઇલની ઊંચી આયાત; વિશે માહિતગાર હોવાનું નોંધાયું હતું. જયારે તેમની સમક્ષ રૂપિયાનું અવમૂલ્યન રોકવાના ઊપાયો રજૂ કરાયા જેવા કે ભારતીય બનાવટોનો ઉપયોગ, ભૌતિક સોનાની ખરીદી પર વિરામ, ગોલ્ડ ઇટીએફમાં રોકાણ, સાર્વજનિક પરિવહન (પબ્લિક ટ્રાન્સપોર્ટ)નો ઉપયોગ અને પેટ્રોલ બચાવવા માટે નાનું અંતર ચાલવું વગેરે, તેઓ આ બધા વિકલ્પો સાથે સહમત થયા હતા.

તદ્દઉપરાંત, ઇલેક્ટ્રોનિક સાધનો અને ઓટોમોબાઇલ સિવાય, અન્ય પ્રકારની વસ્તુઓ જેવી કે ટોઇલેટ્રી, પર્સનર કેર, રેડી ટુ ઇટ, કપડાં અને ઉપસાધનોમાં; તેઓએ વિદેશી વસ્તુઓ બદલીને ભારતીય કંપનીઓએ બનાવેલી વસ્તુઓ વાપરવાની તૈયાર બતાવી હતી. આ અભ્યાસના આધારે, સંશોધકોએ કેટલાક સૂચનો પાઠવ્યા હતા. જેવા કે આયાત કરેલી વસ્તુઓ અથવા તો વિદેશી કંપનીઓએ બનાવેલી વસ્તુઓ વાપરવાની ભારતની આર્થિક સ્થિતિ અને રૂપિયાના મૂલ્યાંકન પર કેવી અસર થઇ શકે તે માટેની જાગૃતતા સમાજમાં પ્રસરે એ ખૂબ જરૂરી છે અહીં પ્રસાર માધ્યમો જેવા કે ટેલીવિઝન, રેડિયો, સમાચારપત્ર વગેરે સક્રિય ભૂમિકા ભજવી શકે તેમ છે.

આ અભ્યાસ દરમિયાન એવું જાણવામાં આવ્યું હતું કે વપરાશકર્તાઓને ઘણીવાર કોઇક એક કંપનીની વસ્તુ જેવી કે હિંદુસ્તાન લિવર; એ વિદેશી કંપનીની કે તેની જાણ નથી. જયારે વપરાશકર્તાઓએ તેમની વિદેશી કંપનીએ વસ્તુઓ બદલીને ભારતીય કંપનીઓની વસ્તુઓ વાપરવાની તૈયારી બતાવી કે ત્યારે ભારતીય પ્રયોજકો માટે એક ઉત્તમ અને આકર્ષક તક છે. ભારતીય સરકારે આવા પ્રયોજકોને વધારેને વધારે નાણાંકીય અને અન્ય પ્રોત્સાહન પૂરું પાડવું જોઇએ. સ્વદેશી વસ્તુઓ વાપરવાથી અને ક્રુડ ઓઇલનો શાણપણથી ઉપયોગ કરવાથી ચાલુ ખાતાની ઘટ્ટ (કરન્ટ અકાઉન્ટ) વિદેશી વસ્તુઓ અને ચાઇનીઝ વસ્તુઓનો ઉપયોગ સંદઅંતરે બંધ કરવો જોઇએ કારણ કે વિદેશી કંપનીઓ ભારતના ઉદ્યોગોનું પતન કરે છે અને જયારે ઉદ્યોગો બંધ પડે છે ત્યારે બેકારો વધે છે. ડેફિસીટી ઓછી થશે, ભારતીય ચલણ ડોલર સામે વધારે મજબૂત બનશે, ફુગાવો ઘટશે અને ભવિષ્યની પેઢીને સારી આર્થિક સલામતી પ્રાપ્ત થશે.